ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી                                    તા. ૦૨-૦૭-૨૦૨૨

રાજીવ ગાંધી ભવન ખાતે આજરોજ પત્રકારો સાથે વાતચીત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, ભાજપની નીતિના લીધે દેશના તમામ વર્ગના નાગરિકો હેરાન પરેશાન છે. બેરોજગારી, મોંઘવારી અને સતત રૂપિયાનું અવમુલ્યના લીધે સૌથી પડકાર જનક સમયમાંથી દેશ પસાર થઈ રહ્યો છે. ભાજપા સતત એવો સંદેશ આપવા માંગે છે કે, ભલે મોંઘવારી વધે, ભલે બેરોજગારી વધે, ચાઈના સરહદમાં ઘુસી ગયું તો પણ તેમનું કશુ બગલવાનુ નથી. રાજસ્થાનમાં જે દુઃખદ ઘટના બની છે તે મુદ્દાઓ ગુજરાતની ચૂંટણીમાં આવશે. ચૂંટણી આવે એટલે સરહદો સળગે છે, ચૂંટણી આવે એટલે જ્ઞાતિ-જાતિ વચ્ચે ઝઘડા કરાવવામાં આવે છે, નફરતની રાજનીતિ દ્વારા સત્તા મેળવવાની ભાજપાની નીતિરીતિ ચાલી રહી છે જેનો ભોગ દેશના તમામ નાગરિકો બની રહ્યાં છે. ત્યારે તમામ મોરચે નિષ્ફળ નિવડેલ ભાજપ અને તેના સહયોગી સંગઠનો ધ્રુવિકરણ કરીને જનતાનું ધ્યાન ભટકાવવા એક પછી એક રમત રમી રહ્યું છે. જે રીતે ઉદેપુરમાં દુઃખ જનક ઘટના બની પછી ગઈ કાલે જે વિગતો સામે આવી તે અંગે કેમ ભાજપ મૌન છે ? જે રાજ્યમાં વિપક્ષની સરકાર હોય અને ચૂંટણી આવવાની નજીક હોય તે રાજ્યમાં જ કેમ આવી ઘટના સામે આવી રહી છે ?

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તાશ્રી રોહન ગુપ્તાએ જણાવ્યું હતું કે, ઉદેપુર ખાતે કનૈયાલાલ હત્યાનો મામલો ઘણો દુઃખદ છે. આ હત્યાના આરોપીના ફોટા ભાજપના દિગ્ગજ નેતાઓ સાથે જોવા મળ્યા છે. ભાજપના અનેક નેતાઓ સાથે આરોપીઓના ફોટા ફેસબુક ઉપર જોવા મળ્યા છે. આટલી બધી વસ્તુ સામે આવ્યા છતાં ભાજપ કેમ કશુ બોલતી નથી ? કોંગ્રેસ પક્ષની માંગ છે કે, ભાજપે તાત્કાલીક ખુલાસો કરવો જોઈએ.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા